# ઈબ્રાહીમ મોહંમદ જનાબ (એડવોકેટ)

(૨૯/૧૧/૧૯૩૩ - ૧૦/૦૫/૨૦૦૭)



**રજૂ કર્તા: જનાબ ઈસ્માઈલભાઈ ખૂણાવાલા, લંડન**

*તારા અવાજનું હવે અજવાળું ક્યાં રહ્યું*
*ઘૂમે છે ખંડિયેરમાં પડઘાનો અંધકાર*

ટંકારીઆ ગામ શિક્ષણક્ષેત્રે પહેલાંથી જાણીતું છે. પ્રારંભકાળે આ ગામના જે યુવાનોએ ઉચ્ચ શિક્ષણ મેળવી નામના મેળવી તેમાં **મરહુમ ઈબ્રાહીમ મોહંમદ જનાબ**નો સમાવેશ થાય છે. એમનો જન્મ ૧૯૩૩માં ટંકારીઆ મુકામે 'જનાબ' ફેમિલીમાં થયો હતો. મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદ ગયા, જ્યાં ગુજરાત કોલેજમાં અભ્યાસ કરી બી.એ.ની ડિગ્રી મેળવી. પછી મુબઈની જયહિંદ લૉ કોલેજમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી. થોડો સમય મુબઈમાં જ રહી સેલ્સટેક્ષ કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરી. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતાં અમદાવાદ આવીને વસ્યા અને તે સમયની નામાંકિત ઍચ.વી.વસા કુ. (સોલિસિટર્સ)માં જોડાયા. ટૂંક સમયમાં જ સેલ્સટેક્ષના એક સફળ અને નિષ્ણાંત વકીલ તરીકે ખ્યાતિ મેળવી ખાનપુરમાં પોતાના નામની આઈ.એમ.જનાબ ઍન્ડ કુ.ની સ્થાપના કરી. અભ્યાસ અને અનુભવને આધારે પોતાના કલાયન્ટ્સ અને વકીલવૃંદમાં ખૂબ જાણીતા થયા. આ સમય દરમિયાન તેમણે સેલ્સટેક્ષના વિષય પર કેટલાંક ઉપયોગી પુસ્તકો લખ્યાં જે આજે પણ સેલ્સટેક્ષના અભ્યાસીઓને માહિતી અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યાં છે. એમની આ એક યાદગાર સિદ્ધિ છે.

એમનું વ્યક્તિત્વ સહુ કોઈને આંજી દે એવું હતું. હંમેશાં સુંદર પોષાક પહેરતા, વાળ પણ વ્યવસ્થિત અને સરસ રીતે ઓળેલા હોય, એક suited and booted gentleman તરીકેની છાપ ઊઠતી. બોલવામાં છટા હતી તેમ છતાં વાણીમાં નમ્રતા હતી. વ્યાવહારિક અને સામાજિક સૂઝબૂઝને કારણે સજ્જનતા વર્તાય આવતી. નાના મોટા સહુની સાથે ભળી જતા. વ્યવસાયે વકીલ હોવા છતાં સામાજિક દૃષ્ટિએ એક વ્યક્તિ તરીકે તેમનું જીવન કલેશમુક્ત અને સ્નેહ તથા આનંદથી ભરપૂર હતું. વિચારોમાં સ્વતંત્રતા હોવાને કારણે સંકુચિત વાડામાં બંધાઈ કે ગોંધાઈ રહેવાનું પસંદ ન કરતા.

ટંકારીઆ રત્ન મરહુમ ઈબ્રાહીમ નાથલિયા સાથે દિલ્હી ખાતે રાષ્ટ્રભવનમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે.અબ્દુલકલામ સાથે મુલાકાતનું બહુમાન પ્રાપ્ત થયું હતું. પ્રથમ અમદાવાદમાં હતા ત્યારે અને ત્યાર પછી ગામની હાઈસ્કૂલના મકાન માટે યુ.કે. ચંદો કરવા આવ્યા ત્યારે અહીં યુ.કે.માં મારે એમના નજીકના પરિચયમાં આવવાનું થયું. મૈત્રી બંધાઈ. પછી તો તેઓ અવારનવાર લંડન પ્રવાસે આવતા ત્યારે પેડીંગ્ટન ખાતે એમના નાનાભાઈ મરહુમ આદમ જનાબને ત્યાં એમની મુલાકાતો થતી. આદમભાઈ પણ મજાના માણસ. મહેફિલ જમાવી રાખે, કેરમબોર્ડની રમતની હરીફાઈ યોજે અને વિજેતાઓને "જનાબ ટ્રોફી" અર્પણ થતી. આજે પણ આ બંને ભાઈઓની યાદ મારા હૈયે બરાબર વસેલી છે.

પોતાનાં બધાં જ બાળકોને સારું શિક્ષણ અપાવી તેમને યુ.કે.માં સ્થાયી કરી દીધાનો સંતોષ હતો. નિવૃત્ત થતાં રોજ વહેલી સવારે ઊઠી ઈબાદતમાં થોડો સમય વ્યતીત કરતા. સ્વાસ્થ્યની બરાબર સંભાળ રાખતા અને રોજ થોડીવાર કસરત કરતા. ખાવાપીવામાં પણ એટલી જ કાળજી રાખતા. ધાર્મિક વિષયોનું સારું જ્ઞાન ધરાવતા અને ઈસ્લામિક સાહિત્ય તથા શેરોશાયરીના પણ શોખીન હતા. એમના પુત્ર જાવેદને ત્યાં મુલાકાત વેળા સાહિત્યિક અને દીની વાર્તાલાપ અને ચર્ચાઓ કરવાનો અપૂર્વ લહાવો મને મળેલો છે. અમદાવાદમાં રોટરી કલબ, લાયન્સ કલબ તથા અન્ય નામાંકિત સંસ્થાઓના સભ્યપદે તથા અધ્યક્ષપદે રહેવાનું બહુમાન એમને પ્રાપ્ત થયેલું છે. ઉપરાંત અમદાવાદ ખાતે મુસ્લિમોના હિતકારી કામોમાં અગ્રગણ્ય ભાગ લેતા. આવી વ્યક્તિઓના જવાથી સમાજને એક મોટી ખોટ પડે એ દેખીતું છે.

તેઓ હંમેશાં પોતાના કુટુંબીજનોને યાદ કરતા. વડીલ બંધુ મરહુમ ઈસ્માઈલભાઈ જનાબ તથા તેમના મરહુમ પુત્ર મકબુલ જનાબને યાદ કરી આંખો ભીની કરતા. પોતે વકીલાત સુધીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું એમાં પોતાના વડીલ બંધુનો અગત્યનો ફાળો છે એમ કહી તેમનું ઋણ બિરદાવતા. ૨૦૦૬માં તેમની તબિયત થોડીક બગડી. અમદાવાદ ખાતે બાયપાસનું ઑપરેશન થયું. તબિયત થોડીક સુધરી પણ અશક્તિ વધતી રહી. તેમ છતાં બેત્રણ વાર યુ.કે.ના પ્રવાસે આવી ગયા. ૨૦૦૭માં ફરજંદ નસીમના નવા ધંધાની ઉદ્દઘાટનવિધિમાં હાજરી આપવા દુબઈ પહોંચ્યા. ફરજંદને ધંધાની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી. બેત્રણ દિવસ પછી તબિયત અચાનક બગડતાં દુબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં ૧૦/૦૫/૨૦૦૭ના રોજ અંતિમ શ્વાસ લઈ તેઓ અલ્લાહને પ્યારા થઈ ગયા. દુબઈની ધરતીમાં દફન થયા. આ રીતે એક રોશન ચિરાગ બુઝાઈ ગયો. ઈન્નાલિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઉન.

અલ્લાહ પાક મરહુમની મગફેરત ફરમાવે અને તેમની નાનીમોટી નેકીઓને પોતાની અપાર કૃપાઓથી કબુલ કરી જન્નતુલ ફિરદોસમાં જગા આપે. આમીન.